NCS Code: 2424.0300, CCode: MG001

# માનવ સંસાધન વ્યવસ્થાપક

સંસ્થા માટે યોગ્ય કર્મચારીઓની ભરતી કરવા માટે માનવ સંસાધન વ્યવસ્થાપક જવાબદાર છે. એચ.આર. વિભાગમાં ફરજ બજાવતા કર્મચારીઓ સંસ્થામાં ચોક્કસ ભૂમિકા માટે યોગ્ય રીતે મેળ ખાતા હોય તેવા ઉમેદવારોની યાદી તૈયાર કરે છે. તેમના ઈન્ટરવ્યુ ગોઠવે છે, નવા કર્મચારીઓની ભરતી માટે જરૂરી સંકલન અને સહયોગ પુરો પાડે છે. તેઓ વળતર, લાભો અને કર્મચારીઓની કાર્યઅવધિની સમાપ્તિને લગતી બાબતો પણ સંભાળે છે. કોઈપણ સંસ્થામાં એચ.આર. વિભાગ સલામત, સ્વસ્થ, તણાવમુક્ત કાર્ય વાતાવરણનું નિર્માણ કરવા માટે તેમજ આંતરિક નીતિઓ અંગેના દસ્તાવેજો તૈયાર કરવા માટે જવાબદાર છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે અસાધારણ આંતરવૈયક્તિક સંચાર કૌશલ્ય ધરાવો છો
- તમે અન્ય લોકો સાથે વાટાઘાટો કરવામાં સારા છો
- તમને લોકોની આસપાસ રહેવું ગમે છે
- તમે અન્ય લોકોને જોવા અને સાંભળવાની ઈચ્છા રાખો છો



આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૧૨,૦૦૦ થી ૧,૫૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. માનવ સંસાધનમાં સ્નાતક (BBA)ની ડિગ્રી મેળવો.
**અથવા**

સ્નાતકની ડિગ્રી પૂર્ણ કર્યા બાદ, માનવ સંસાધન વ્યવસ્થાપનમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો. અથવા

સ્નાતક (BA/BSc./BBA)ની ડિગ્રી મેળવો અને ત્યારબાદ, માનવ સંસાધનમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

માનવ સંસાધન વ્યવસ્થાપકનું અંદાજીત માસિક વેતન **રૂ. ૫૦,૦૦૦ થી ૨,૦૦,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોત:https://www.payscale.com/research/IN/Job=Human_Resources_(HR)_Manager/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** સંસ્થાની કામગીરીને સુગમ બનાવવા માટે તમામ સંસ્થાઓને વધુને વધુ માનવ સંસાધન વ્યાવસાયિકોની જરૂર પડશે. તમે સરકારી અને ખાનગી સંસ્થાઓ એમ બંને માટે કામ કરી શકો છો.

**ઉદ્યોગ સાહસિકતા:** થોડો અનુભવ મેળવ્યા પછી, એચ.આર. વ્યાવસાયિકો તેમની પોતાની એજન્સી શરૂ કરી શકે છે અથવા સ્વતંત્ર વ્યવસાય કરી શકે છે.

**કાર્યસ્થળનું વાતાવરણ:** તમે ઓફિસમાં કામ કરશો. તમે અન્ય તમામ ટીમો સાથે સહયોગ કરશો તેમજ લોકો સાથે દરરોજ વાતચીત કરો તેવી અપેક્ષા રાખવામાં આવે છે. માનવ સંસાધન વ્યાવસાયિકો પાસેથી એવી અપેક્ષા રાખવામાં આવે છે કે તેઓ ઈવેન્ટ મેનેજમેન્ટને લગતી બાબતો સમજવાની સાથે સાથે સંસ્થામાં ઉજવણીઓને સુવિધાજનક બનાવે. આ ભૂમિકામાં પૂર્ણ-સમય અને ખંડ-સમય એમ બંને રીતે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

એચ.આર. ઈન્ટર્ન → એચ.આર. એક્ઝિક્યુટિવ → આસિસ્ટન્ટ મેનેજર → મેનેજર

## સર્ચ માટેના કીવર્ડ્સ ...

હ્યુમન રિસોર્સ મેનેજર, હ્યુમન રિસોર્સ એરીયા મેનેજર, હ્યુમન રિસોર્સ મેનેજમેન્ટ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. જામિયા મિલિયા ઈસ્લામિયા, નવી દિલ્હી
૨. આઈઆઈએમ, અમદાવાદ
૩. બનારસ હિન્દુ યુનિવર્સિટી, વારાણસી
૪. દિલ્હી યુનિવર્સિટી
૫. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી, અલીગઢ
૬. એમએસયુ, વડોદરા
૭. મદ્રાસ યુનિવર્સિટી, ચેન્નાઈ
૮. એમકેબીયુ, ભાવનગર
૯. ઈડીઆઈઆઈ, ગાંધીનગર

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. એમિટી ઈન્ટરનેશનલ બિઝનેસ સ્કૂલ, નોઇડા
૨. આઈટીએમવીયુ, વડોદરા
૩. નરસીમોંજી ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ, મુંબઈ
૪. એન.આઈ.એમ.એસ. યુનિવર્સિટી, જયપુર
૫. સી.એમ.આર. યુનિવર્સિટી, બેંગલુરૂ
૬. લવલી પ્રોફેશનલ યુનિવર્સિટી, પંજાબ
૭. એ.એમ.એસ.એમ, અમદાવાદ
૮. સી.યુ. શાહ યુનિવર્સિટી, વઢવાણ, ગુજરાત

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: https://onlinecourses.swayam2.ac.in/cec21_mg06/preview

- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઇન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઇટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**હેમા રવિચંદર** એચ.આર.ના ક્ષેત્રમાં એક વિચારશીલ નેતા છે. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઑફ મેનેજમેન્ટ, અમદાવાદમાંથી મેનેજમેન્ટની પદવી હાંસલ કર્યા બાદ, તેણીએ વર્ષ ૧૯૮૩માં મોટર ઇન્ડસ્ટ્રીઝ કંપની લિમિટેડ (એમ.આઈ.સી.ઓ.) સાથે તેમની કારકિર્દીની શરૂઆત કરી. બાદમાં વર્ષ ૧૯૯૨માં, તેણી એચ.આર.ના વડા તરીકે ઈન્ફોસિસમાં જોડાયા. હેમાને ત્રણ એચ.આર. પ્રોફેશનલ ઑફ ધ યર એવોર્ડ્સ અને 'ભારતની ૨૫ સૌથી શક્તિશાળી મહિલાઓ'ની યાદી સહિત અનેક પુરસ્કારોથી નવાજવામાં આવ્યા છે. શ્રીમતી રવિચંદર તેમના કુશળતાના ક્ષેત્ર અંગે અગ્રણી અખબારોમાં કૉલમ પણ લખે છે.*

સ્રોત: https://hi.londonspeakerbureau.com/speaker-profile/hema-ravichandar

ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.